
ગાંધીનગર સમાચાર
Regd. No. GNR/65-G0

# પૂજય પ્રમુખસ્વામી સાથેના સંસ્મરણો આલેખતા ડૉ. કલામના પુસ્તકનું રવિવારે વિમોચન

ગાંધીનગર, તા. ૨૬

ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ અને પ્રખર વૈજ્ઞાનિક શ્રી એ.પી.જે. અબ્દુલ કલામ પર સંતવર્ય પ.પૂ. પ્રમુખસ્વામી મહારાજનો ખુબ પ્રભાવ છે. પૂ. પ્રમુખસ્વામી મહારાજના આધ્યાત્મિક સત્સંગનો લાભ શ્રી એ.પી.જે. અબ્દુલ કલામે ૨૦૦૧થી અત્યાર સુધી સાત વખત મેળવ્યો છે. પૂ. પ્રમુખ સ્વામીજી મહારાજ સાથેના તેમના દિવ્ય અનુભવોનો આલેખતુ પુસ્તક 'સ્વોત્કૃષ્ટ ટ્રાન્સેન્ડેન્સ' માય સ્પીરીચ્યુઅલ એકસપીરીયન્સ વીથ પ્રમુખ સ્વામીજી શ્રી અબ્દુલ કલામે લખ્યું છે. આ પુસ્તકનું વિમોચન આગામી તા. ૨૮મી જૂનના રોજ સાંજે ૬.૧૫ વાગે ગુજરાત યુનિ. કન્વેન્શન સેન્ટર ઓડિટોરીયમ અમદાવાદ ખાતે કરવામાં આવશે.




ભારતના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ અને પ્રખર વૈજ્ઞાનિક શ્રી એ.પી.જે. અબ્દુલ કલામે આધ્યાત્મિક ક્ષેત્રે ખુબ સંશોધન કર્યું છે. નીતનવી વૈજ્ઞાનિક શોધોની સાથે જ આધ્યાત્મિક ક્ષેત્રે તમણે ખુબ ઉંચુ ખેડાણ કર્યું છે.

● અનુસંધાન પાન-૭ પર

# કોબા-ઈન્દિરાબ્રિજના સર્વિસ રોડને ફોરલેન કરવા ૩ હજાર વૃક્ષોનું નિકંદન નિકળશે

## વન વિભાગને મંજુરી માટે તંત્ર કક્ષાએથી દરખાસ્ત રજુ કરાઇ

ગાંધીનગર તા ૨૬

ગાંધીનગર અમદાવાદ વચ્ચે કોરીડોર બનાવવાની યોજનાના પ્રાથમિક તબક્કામાં સર્વિસ રોડને ફોરલેન બનાવવાનું કામ હાથ ધરવામાં આવનાર છે.ત્યારે સર્વિસ રોડના કામને અનુલક્ષી અંદાજિત ૩ હજાર જેટલા વૃક્ષો કાપવા પડે તેમ છે.આ મામલે વિભાગ કક્ષાએથી વન વિભાગની મંજુરી અર્થે દરખાસ્ત પણ કરી દેવાઈ છે.મંજુરીના અંતે આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

ગાંધીનગર અમદાવાદ વચ્ચે કોરીડોર બનાવવાની યોજના સાકાર થતા હજુ વર્ષો વીતી જાય તેમ છે. જયારે આ ખર્ચાળ યોજનાને આગળ વધારવાના ભાગરૂપે માર્ગ મકાન વિભાગ દ્વારા પ્રાથમિક તબક્કામાં કોબા ઈન્દિરાબ્રિજના સર્વિસ રોડને ફોરલેન બનાવવાની કાર્યયોજના આખરી કરી દેવાઈ છે.જેને અનુલક્ષીને પણ કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવશે.વિભાગ દ્વારા આ કાર્યયોજના માટે વહિવટી મંજુરી આપી દેવાતા તંત્ર દ્વારા આ મામલે ટુંકમાં ટેન્ડર પ્રક્રીયા હાથ ધરવામાં આવશે.સર્વિસ રોડ ફોરલેન બનતા મુખ્ય માર્ગ પર ટ્રાફિકનું ભારણ ઘટશે.જયારે આસપાસના વિસ્તારના રહિશોને પણ માર્ગ સલામતી ઉપલબ્ધ થશે.આ સર્વિસ રોડની કામગીરીને અનુલક્ષી રૂટમાં આવતા સેંકડો વૃક્ષો કાપવા પડે તેમ છે.સુત્રોના જણાંવ્યા મુજબ સર્વિસ રોડને ફોરલેન બનાવવા અંદાજિત ૩ હજાર વૃક્ષોની કટોતી થાય તેમ છે.જયારે આ મામલે તંત્ર દ્વારા વન વિભાગની મંજુરી લેવા માટે દરખાસ્ત પણ કરી દીધી છે.આગામી દિવસોમાં રાજય કક્ષાએથી મંજુરી આપી દેવાયા બાદ વૃક્ષો દુર કરી સર્વિસ રોડનું કામ હાથ ધરાશે.જયારે કોરીડોરની યોજના સાકાર થતા હજુ સમય લાગશે.આ મામલે અગાઉ સંબંધિત એજન્સી મારફતે અભ્યાસ પણ હાથ ધરવામાં આવ્યો હતો.પ્રાથમિક તબક્કે સર્વિસ રોડના કામને કેન્દ્ર સ્થાને રાખવામાં આવ્યુ છે.વન વિભાગની મંજુરી પણ રાજય કક્ષાએથી જ લેવાની થતી હોવાથી ઝડપથી કામ હાથ ધરાય તેવી શકયતાઓ છે.

# ત્રણ વર્ષનાં દિકરાને લઈને માતા-પિતાએ કેનાલમાં ઝંપલાવ્યું

## ત્રણ વર્ષના બાળક અને તેના પિતાનું લીંબડીયા કેનાલમાં ડુબી જવાથી મૃત્યુ : માતાને બચાવી લેવાઈ : મંદિરે દર્શન કરીને ઘરે જતા અચાનક આ પગલુ ભરવાનું રહસ્ય અકબંધ


(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

ગાંધીનગર, તા. ૨૬

અમદાવાદ દશક્રોઈ વિસ્તારમાં રહેતું દંપતિ તેમના ત્રણ વર્ષના સંતાનને લઈને બાઈક પર ઈસનપુર વડલા વિસ્તારના એક મંદિરે દર્શન કરવા ગયું હતું. દર્શન કરીને પરત ફરતી વખતે કાંઈ થયું અને લીંબડીયા કેનાલ પાસે બાઈક ઉભુ કરીને સંતાનને સાથે રાખી પતિ-પત્નિએ મોતની છલાંગ લગાવી દીધી હતી. કેનાલ સિક્યુરીટી ગાર્ડનું ધ્યાન જતાં ત્રણ વર્ષના દિકરાની માતાને બચાવી લેવામાં સફળતા મળી હતી. જો કે સંતાન અને તેના પિતાનું કરૂણ મૃત્યુ નિપજતાં ચકચાર મચી જવા પામી હતી. ડભોડા પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને સામુહીક આપઘાતનું કારણ બહાર લાવવા તજવીજ શરૂ કરી છે.

● અનુસંધાન પાન-૭ પર

# યાત્રાળુઓના નામની યાદીઓ જિલ્લા કલેક્ટરો પાસેથી મંગાવાઈ

ગાંધીનગર, તા. ૨૬

ઉત્તરાખંડમાં ભારે વરસાદ થતાં ચાર ધામ યાત્રા અટકાવી દેવામાં આવી છે. ગુજરાત સરકારે યાત્રાએ ગયેલા યાત્રીકોના નામોની યાદી જિલ્લા કલેક્ટરો પાસેથી માંગી હોવાનું જાણવા મળે છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ ઉત્તરાખંડમાં ભારે વરસાદ થતાં બદ્રીનાથ અને કેદારનાથના માર્ગો પર પાણી ભરાતા ચાર ધામ યાત્રાને અસર થવા પામી છે. ભારે વરસાદને કારણે અંદાજે ૧૬ હજાર જેટલા યાત્રાળુઓ ફસાયા છે. જેમાં ગુજરાતના પણ ૩૦૦ જેટલા યાત્રાળુઓ ફસાયા હોવાનું જાણવા મળે છે.

ભારે વરસાદને કારણે સાવચેતીના પગલારૂપે ચારધામ યાત્રાને હાલ અટકાવી દેવામાં આવી હોવાનું જાણવા મળે છે.

ચાર ધામ યાત્રાએ ગયેલા યાત્રાળુઓ પૈકી કેટલાક યાત્રાળુઓ વરસાદમાં ફસાયા હોઈ ગુજરાતમાંથી કેટલા યાત્રાળુઓ ચાર ધામ યાત્રાએ ગયા છે તેની યાદી તૈયાર કરીને રાજ્ય સરકારને મોકલી આપવા માટેની સૂચનાઓ જિલ્લા કલેક્ટરોને આપવામાં આવી હોવાનું જાણવા મળે છે.

જિલ્લા કલેક્ટરો પાસેથી યાત્રાળુઓના નામો મેળવવામાં આવ્યા બાદ તેમનો સંપર્ક સાધવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.


(તસવીર : કશ્યપ નિમાવત)

તસવીર ગાંધીનગરની - ભારતના નકશામાં પ્રથમ ૧૦૦ સ્માર્ટ સિટીમાં ગાંધીનગરનું નામ મોખરે છે... એ જ ગાંધીનગરના પાદરે આવેલ જી.આઈ.ડી.સી. એન્જિનિયરીંગ ઝોનમાં માત્ર પ્રથમ વરસાદમાં સર્જાયેલી સ્થિતિએ વિકાસની પોલ ખોલી દીધી હતી. નગરના રાજમાર્ગો ચકાચક દેખાય છે... ઈમારતો અને માર્ગોથી બાહ્ય ભવ્યતા પ્રવાસીઓને આંજી દે છે... પરંતુ આ નગરના વિકાસમાં જે મહત્વનું યોગદાન આપે છે એવા ઉદ્યોગોની વસાહતમાં કેટલી અને કેવી ગંદકી સર્જાઈ રહી છે તેની આ તસવીર ચાડી ખાય છે... આમ તો દીવાતળે અંધારા જેવું અનુભવાય છે... સચિવાલય-વિધાનસભાથી માત્ર ૪ કિ.મી.ના અંતરનું આ દશ્ય વિકાસની બીજી બાજુ વ્યક્ત કરે છે.

# વિધાર્થીઓને ઓન લાઈન પાસ કાઢી આપવા શાળા કક્ષાએ ટ્રેનિંગ અપાશે

## એસ.ટી. ડેપોમાં પણ પાસ માટે બે કાઉન્ટર શરૂ કરાયા

ગાધીનગર તા-૨૬

વિધાર્થીઓને શાળાએ અપડાઉન કરવા માટે પાસ કઢાવવા હાલાકી ભોગવવી પડે છે.જો કે એસ ટી ડેપો દ્વારા દરવર્ષે વિધાર્થીઓને ઝડપથી પાસ ઉપલબ્ધ થાય તે માટે ડેપો ખાતે કાઉન્ટર વધારી દેવામાં આવે છે.જયારે હાલ પણ ડેપોમાં બે નવા કાઉન્ટર શરૂ કરી દેવાયા છે.આ ઉપરાંત ઓન લાઈન પાસ સુવિધા ઉપલબ્ધ કરવા પણ ગતિવિધિઓ શરૂ કરી દેવાઈ છે.આ મામલે શાળા કક્ષાએ કર્મચારીને તાલીમ આપી ઓન લાઈન પાસ કાઢી આપવાની કાર્યવાહી શરૂ કરાશે.

નવા શૈક્ષણિક સત્રના પ્રારંભે વિધાર્થીઓને પાસ મેળવવા માટે દરવર્ષે ધક્કે ચઢવાનો વારો આવતો હોવાનો રોષ ઉઠવા પામતો હોય છે.જયારે પાસ મેળવવા માટે વિધાર્થીઓએ કલાકો સુધી કતારમાં ઉભા રહેવું પડતું હોવાથી અપડાઉનકર્તાઓ સહિત વિધાર્થીઓએ હાલાકી વેઠવી પડતી હોવાનો આક્રોશ પ્રબળ બન્યો છે. ડેપોના સુત્રોના જણાવ્યા મુજબ વિધાર્થીઓને પાસ સરળતાથી મળી રહે તે માટે બે નવા કાઉન્ટર કાર્યરત કરી દેવાયા છે.જયારે વિધાર્થીઓને ઓન લાઈન પાસ મળી રહે તે માટે એસ ટી નિગમ દ્વારા નવી કાર્યયોજના તૈયાર કરી દેવાઈ છે.જેમાં એસ ટી તંત્ર દ્વારા રસ ધરાવતી શાળા કોલેજોમાં કર્મચારીઓને તાલીમ આપી સંબંધિત શાળાઓમાં આઈ ડી પાસ વર્ડના આધારે પાસ કાઢી આપવામાં આવશે.જેના લીધે વિધાર્થીઓનો સમય પણ બચશે.જયારે શાળામાંથી જ પાસની સુવિધા ઉપલબ્ધ થશે.આ મામલે અત્યાર સુધીમાં ૧૦ જેટલી શાળાઓએ રસ દાખવ્યો હોવાનું ધ્યાને આવ્યુ છે.જેમાં ગાંધીનગરથી અમદાવાદ સહિતના વિસ્તારોમાં અપડાઉન કરતા વિધાર્થીઓને આ યોજનાનો લાભ મળશે.

# આગામી શૈક્ષણિક સત્રથી નવા ફાર્મસી અભ્યાસક્રમ માટે જીટીયુની કવાયત

અમદાવાદ, તા.૨૬

ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી સંચાલીત રાજયની ફાર્મસી કોલેજોમાં આગામી વર્ષથી નવો અભ્યાસક્રમ અમલમાં મુકવામાં આવશે આ નવો અભ્યાસક્રમ તૈયાર કરવા માટે જીટીયુ દ્વારા કવાયત શરૂ કરી દેવામાં આવી છે. જે અંતર્ગત વિવિધ ફાર્મા કંપનીઓ સાથે એમઓયુ કરીને અભ્યાસક્રમમાં બદલાવ કરવામાં આવશે. પ્રાપ્ત થતી માહીતિ મુજબ ગુજરાતમાં આવેલ વિવિધ ડીગ્રી અને ડિપ્લોમાં ફાર્મસી કોલેજોનું સંચાલન જે તે વિસ્તારની યુનિવર્સિટી દ્વારા કરવામાં આવતું હતું. જો કે છેલ્લા ત્રણ વર્ષથી આ તમામ ફાર્મસી કોલેજોનું સંચાલન ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટીને સોપી દેવામાં આવ્યું છે. જો કે તેમ છતાં ફાર્મસીનાં વિવિધ વર્ષોમાં જુનો અભ્યાસક્રમ જ અમલી છે ત્યારે હવે રાજયભરની ફાર્મસી કોલેજોમાં વ્યવસાયલક્ષી એક સમાન અભ્યાસક્રમ અમલી બનાવવા માટે જીટીયુ દ્વારા કવાયત હાથ ધરવામાં આવી છે. આ માટે જીટીયુ દ્વારા શૈક્ષણીક વર્ષ ૨૦૧૬-૧૭ થી ફાર્મસીનાં વિવિધ વર્ષોમાં નવો અભ્યાસક્રમ અમલી બનાવવા માટે કવાયત હાથ ધરવામાં આવી છે.


(તસવીર : દિપક જાની)

શહેરની ચાર સરકારી માધ્યમિક શાળાઓને સુદ્દઢ બનાવવાના હેતુસર સર્વ વિદ્યાલય કેળવણી મંડળ હસ્તક મુકવાના નિર્ણયના પગલે ગુરૂવારે વિધિવત શુભારંભ કરાયો હતો. સર્વ વિદ્યાલય કેળવણી મંડળના પ્રમુખ ડૉ. કનુભાઈ પટેલ, ચેરમેન શ્રી વલ્લભભાઈ પટેલ, કડી સર્વ વિશ્વવિદ્યાલયના ઉપકુલપતિ ડૉ. ડી. ટી. કાપડીયા અને પદાધિકારીઓ સેક્ટર-૧૨ની શાળામાં પહોંચ્યા હતા. જિલ્લા શિક્ષણાધિકારી એસ. એમ. બારડની ઉપસ્થિતિમાં સૌ મહાનુભાવોએ મંગલદીપ પ્રગટાવી શાળાનો વિધિવત પ્રારંભ કરાવ્યો હતો. સેક્ટર-૧૨, સેક્ટર-૧૬, સેક્ટર-૭ અને પાલજની સરકારી માધ્યમિક શાળાઓનો હવાલો કડી કેળવણી મંડળે સંભાળ્યો છે. બાળકોના ઉત્કૃષ્ટ વિકાસ અને સુવિધાઓમાં વધારો કરવાના સંકલ્પ સાથે શિક્ષણકાર્યનો આરંભ થયો હતો.

# શહેરમાં વૃક્ષોનું ટ્રીમીંગ ન થતા નાગરિકોને હાલાકી

## માર્ગ પરના સાઇન બોર્ડ પણ દેખાતા નથી : નમી પડેલા વૃક્ષો ભયજનક ફુટપાથ પર નમી પડેલી ડાળીઓ પણ આડશ બની

ગાંધીનગર તા ૨૬

શહેરમાં લાંબા સમયથી વૃક્ષોનું ટ્રીમીંગ થયુ નથી.જેના લીધે નમી પડેલી વૃક્ષોની ડાળીઓ નાગરિકો માટે હાલાકીનું કારણ બની છે.જયારે વરસાદી દિવસોમાં નમી પડેલા વૃક્ષો ગમે ત્યારે અકસ્માત સર્જે તેવી દહેશત પ્રવર્તી છે.શહેરમાં લાખોના ખર્ચે વિવિધ માર્ગોપર સાઈન બોર્ડ મુકવામાં આવ્યા છે.પરંતુ વૃક્ષોના ટ્રીમીંગના અભાવે મુલાકાતીઓને દિશાસુચક બોર્ડ પણ દેખાતા નથી.

ગ્રીન સીટી તરીકે ઓળખાતા ગાંધીનગરમાં એકબાજુ વિકાસ કામોના નામે અનેક વિધ વૃક્ષો કાપવામાં આવે છે.જયારે વૃક્ષોની યોગ્ય માવજતના મામલે પણ વન વિભાગ દ્વારા ઉદાસીનતા સેવાતા નાગરિકો માટે પણ સમસ્યા ઉદભવી છે.શહેરમાં લાંબા સમયથી વૃક્ષોનું ટ્રીમીંગ ન થતા મુખ્ય માર્ગો પર મુકવામાં આવેલા સાઈન બોર્ડ પણ બિનઉપયોગી પુરવાર થયા છે.ગત વાઈબ્રન્ટ સમિટ વેળાએ આ સાઈન બોર્ડ લગાવવા પાછળ લાખો રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે.તોતિંગ સાઈન બોર્ડ આડે વૃક્ષોની ડાળીઓ આડશ બનતા કોઈ હેતુ સરતો નથી.માર્ગ પર જતા રાહદારીઓને આ બોર્ડ દેખાતા નથી.જયારે નગરની ફુટપાથ પર પણ વૃક્ષોની ડાળીઓ આડશ બની છે.

● અનુસંધાન પાન-૭ પર

૮૭ કાઉન્ટર સાથે એન્જિનિયર્સ અને બિલ્ડર્સનું સૌથી મોટું નેટવર્ક ધરાવતી ફર્મ
UltraTech CEMENT The Engineer's Choice
STEEL TIGER
KAMDHENU STEEL
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
ESTD. 1983
કૈલાસ ટ્રેડર્સ (લોદ્રાવાળા)
● ગોડાઉન : ખ-૨ ચોકડી, સે.૪સી કોર્નર ●
મોબાઈલ : ૯૯૯૮૪૭૩૨૦૦, ૯૮૨૫૯ ૪૭૮૭૮, ૨૩૨ ૨૩૮૦૧

SANGHI CEMENT
KisaN
ashirvad C. PVC, UPVC
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK500 TMT BARS - ISI
BENELAVE BATH FITTINGS
DR.FIXIT
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

ADITYA BIRLA GROUP
લીકેજ-મુક્ત ઘરો માટે
UltraTech SEAL & DRY Total Waterproofing Solution
Waterproofing ka champion
શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ
એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૬ ૮૮૮૧૧.
મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.

લવિંગ-ફુદિનાનાં સ્વાદથી સમૃધ્ધ દુનિયાનું સૌ પ્રથમ હર્બલ ધુમપાન જે આપનાં માટે ફાયદાકારક છે
Maans Nirdosh
ફિલ્ટર સાથે
TOBACCO 100% FREE
શરદી, માથાનાં અને શરીરનાં દુખાવા માટે શ્રેષ્ઠ હર્બલ બામ અને રોલ ઓન
હૃદય માટે શ્રેષ્ઠ શેકેલી અળસી
પાન મુખવાસ
વ્યાપારિક પૂછપરછ માટે સંપર્ક : માન્સ પ્રોડક્ટસ (ઈન્ડીયા). મો.: 9903698314
દરેક જાણીતા મેડીકલ સ્ટોર્સ પર તથા પાન પાર્લર પર ઉપલબ્ધ.
ગાંધીનગરના વિક્રેતાઓ : જય આયુર્વેદિક સ્ટોર્સ-સેક્ટર-૨૪, +૯૧ ૯૪૨૮૩૫૧૮૨૧ ● ગાંધીનગર આયુર્વેદિક સ્ટોર્સ - મીના બજાર - +૯૧ ૯૭૨૬૬૩૭૨૧૦ ● સંજીવની આયુર્વેદિક - કુડાસણ રોડ - +૯૧ ૯૪૨૭૨૧૮૮૨૨/૯૪૨૮૨૭૭૪૭૦ ● વેલ કેર આયુર્વેદિક એન્ડ કોસ્મેટીક - સેક્ટર-૬/ડી, +૯૧ ૯૮૭૯૩૪૮૦૪૮ ● રાજ આયુર્વેદિક એજન્સી-સેક્ટર-૨૯ - + ૯૧ ૯૪૨૬૫૭૯૮૫૧ ● અંબિકા આયુર્વેદિક એજન્સી-ઘ-૫ સર્કલ, સેક્ટર-૨૨- +૯૧ ૯૯૭૯૨૬૫૩૭૫.

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com